# જાહેરાત

સંકલિત બાળ વિકાસ યોજના (ICDS) અંતર્ગત આઈ.સી.ડી.એસ. શાખા, જિલ્લા પંચાયત અમરેલી દ્વારા કાર્યરત અમરેલી જિલ્લાની આંગણવાડી કાર્યકર/તેડાગરની જગ્યાઓ અંગે ઓનલાઈન ભરતી માટેની જાહેરાત સને. ૨૦૨૦/૨૧.

આઈ.સી.ડી.એસ. શાખા, જિલ્લા પંચાયત અમરેલી.હસ્તકના ઘટકોની આંગણવાડી કેન્દ્રોમાં આંગણવાડી કાર્યકર/તેડાગરની માનદ વેતનથી નિમણુક કરવાની થતી હાલની ખાલી જગ્યાઓ તથા સંભવિત ખાલી જગ્યાઓની વિગત.

**(અરજી માટે વેબસાઈટ https://e-hrms.gujarat.gov.in)**

| તાલુકાની સંખ્યા | ઘટકની સંખ્યા | આંગણવાડી કાર્યકરની હાલની ખાલી જગ્યા/સંભવિત ખાલી જગ્યા | આંગણવાડી તેડાગરની હાલની ખાલી જગ્યા/સંભવિત ખાલી જગ્યા |
|---|---|---|---|
| ૧૧ | ૧૩ | ૮૪ | ૧૧૯ |

- મહિલા ઉમેદવાર જે તે આંગણવાડી કેન્દ્ર વિસ્તારની સ્થાનિક રહેવાસી હોવી જોઈએ તથા તે અંગેની મામલતદારશ્રી દ્વારા ઈશ્યુ કરેલ જન સેવા કેન્દ્રનું નિયત નમુનાનું પ્રમાણપત્ર જ માન્ય રહેશે. (માર્ગદર્શિકા મુજબ)
- અરજી કરવાની છેલ્લી તારીખને કટ-ઓફ ડેટ ગણવામાં આવશે. અરજી કરવાની છેલ્લી તારીખે અરજદારની ઉંમર,શૈક્ષણિક લાયકાત અને અન્ય નિયત લાયકાત માટેના માપદંડ પૂર્ણ થયેલા હોવા જોઈએ. (માર્ગદર્શિકા મુજબ)
- આંગણવાડી કાર્યકર/તેડાગરની માનદસેવામાં પસંદગી માટે અરજી કરનાર મહિલા અરજદારની ઉંમર અરજી કરવાની છેલ્લી તારીખે ૧૮ વર્ષ પૂર્ણ હોવી જોઈએ અને ૩૩ વર્ષથી વધુ ન હોવી જોઈએ. અગ્રતા ધોરણે આંગણવાડી કાર્યકર તરીકે માનદસેવામાં પસંદગી માટે અરજી કરનાર તેડાગરની ઉંમર અરજીકરવાની છેલ્લી તારીખે ૪૩ વર્ષથી વધુ ન હોવી જોઈએ.
- અરજી માટે વેબસાઈટ https://e-hrms.gujarat.gov.in ઉપર દર્શાવેલ સૂચનાઓ અને નિયમો વાંચીને અંગ્રેજીમાં ફોર્મ ભરવાનું રહેશે. ઓનલાઈન અરજી જાહેરાત પ્રસિદ્ધ થયાથી દિન ૨૧ માં તા. ૨૪/૦૭/૨૦૨૦ થી તા. ૧૩/૦૮/૨૦૨૦ (રાત્રે ૧૨:૦૦ કલાક) સુધીમાં કરવાની રહેશે.
- ઓનલાઈન અરજી ઉપરોક્ત દર્શાવેલ વેબસાઈટમાં આપેલ વિગતો પ્રમાણે કરી શકાશે.આંગણવાડીની ખાલી જગ્યાઓમાં અરજી કરવા માટે જે તે આંગણવાડી કેન્દ્રને પસંદ કરી આંગણવાડી કાર્યકર/તેડાગર માટે અરજી કરવાની રહેશે.
- આંગણવાડી કાર્યકર/તેડાગરની માનદ સેવામાં પસંદગી માટે સામાન્ય શરતો મુજબની લાયકાત,ઉંમર અને શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોની ઓનલાઈન મેરીટ યાદી બનાવવામાં આવશે.આંગણવાડી કાર્યકર અને આંગણવાડી તેડાગરની શૈક્ષણિક લાયકાત અનુક્રમે ધોરણ ૧૨ પાસ અને ધોરણ ૧૦ પાસ છે. જો કે વધુ લાયકાત ધરાવતાં ઉમેદવાર અરજી કરી શકશે. શૈક્ષણિક લાયકાત અને પ્રાપ્ત ગુણનાં ભારાંક અન્વયે મેરીટ યાદી તૈયાર થશે. ખાલી જગ્યા ભરવા માટે વિચારણા હેઠળના આંગણવાડી કેન્દ્રવાર ઓનલાઈન મેરીટ યાદી નિયત પદ્ધતિ અનુસરીને જાહેર કરવામાં આવશે.
- આ માટેની અરજી કરવાની પધ્ધતિ અને માર્ગદર્શિકા ઉપરોક્ત વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે.
- વધુ માહિતી માટે સબંધિત તાલુકાના સંકલિત બાળ વિકાસ યોજના અધિકારી (ICDS),તાલુકા પંચાયત કચેરીનો સંપર્ક કરવો.

જિલ્લા વિકાસ અધિકારી
જિલ્લા પંચાયત - અમરેલી.

Scanned with CamScanner